# રાજકોટનાં મહે. બીજા એડી. જ્યુ. મેજી. (ફ.ક.) ની કોર્ટમાં, મુ:: રાજકોટ

**ફોજદારી કેસ નં.૪૧૩૫/૨૦૨૪**
**આંક–**

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

વિરુધ્ધ

**આરોપી:–** **ધવલભાઈ રાજેશભાઈ ડાભી રહે.રાજકોટ**

**ગુન્હો:–આઈ.પી.સી.ની કલમ–૧૮૮ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબ**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટ ની કોલમ નં–૫ માં જણાવેલ મુજબ ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૧૮૮ તથા જી.પી.એકટ ક–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી, સાહેદોના નિવેદનો નોંધી, ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરી, આરોપીની અટક કરી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી.

(૩) આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા તેમજ આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીસને ધ્યાને લેતા, એવુ જણાઈ આવે છે કે , આરોપીની આર્થિક સ્થિત સારી નથી અને આરોપી સદર ગુનાની કબુલાત સ્વેચ્છાએ કરેલ છે. વધુમાં, ગુનાની દંડની જોગવાઈ ધ્યાને લેતા અને આરોપીની આર્થીક અને સામાજિક સ્થિતિ ધ્યાને લેતા, જે આરોપીને દંડ કરીને છોડવામાં આવે તો,ન્યાયનું હિત જળવાઈ રહે છે.વધુમાં, આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**હુકમ**

આ કામના આરોપી **ધવલભાઈ રાજેશભાઈ ડાભી રહે.રાજકોટ**ને ફોજદારી કાર્યરીતી સંહીતાની ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ ની કલમ–૧૮૮ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૫૦૦ = ૫૦૦ (કુલ રૂપિયા પાંચસો પુરાનો) દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો તેઓને દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે આરોપીના જામીનખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૪ માહે,ડિસેમ્બર સને ૨૦૨૪ નાં રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ
તા.૧૪/૧૨/૨૦૨૪

(કુ.વિનતી)
બીજા એડી.સીવીલ જજ અને
જયુડી.મેજી.ફ.ક.રાજકોટ.
યુઆઈડી.જીજે૦૧૫૫૦